ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
રવિવારીય પૂર્તિ
રવિવાર ૭ જૂન, ૨૦૨૬

# અટેન્શન ઈકોનોમી: આપણે ટેક જાયન્ટ્સના ગ્રાહક નથી રહ્યા, પ્રોડક્ટ બની ગયા છીએ

બહુશ્રુત
ચિરંતના ભટ્ટ

આપણને સારી પેઠે ખબર છે કે સ્ક્રીન ટાઈમના મામલે આપણે સાવ બેદરકાર બની ગયા છીએ. ફોન હોય, ટેલિવિઝન હોય કે ટેબ્લેટ, દિવસનો મોટાભાગનો સમય હવે સ્ક્રીન સામે જ પસાર થાય છે. ડેટા રિપોર્ટલ (DataReportal, 2025) અને ઈન્ટરનેટ એન્ડ મોબાઈલ એસોસિયેશન ઓફ ઈન્ડિયા (Internet and Mobile Association of India - IAMAI, 2024) જેવા અહેવાલો સૂચવે છે કે ભારતીયો દરરોજ સરેરાશ છથી સાત કલાક સ્ક્રીન પર વિતાવે છે. છતાં મોટાભાગના લોકોને પૂછો કે તેમની પાસે સૌથી વધુ અછત શેની છે, તો જવાબ લગભગ એક જ મળે છે, સમય.

આ વિરોધાભાસ જ આપણા વર્તમાન સમયની સૌથી મોટી કથા છે. સમસ્યા ટેક્નોલૉજી નથી, સમસ્યા એ છે કે ટેક્નોલૉજી આપણું ધ્યાન ખેંચી રાખે છે, તેને કબજે કરી લીધું છે એમ કહેવામાં ય અતિશયોક્તિ નથી. આપણે પહેલાં વાત કરી છે તેમ માનવજાતના ઈતિહાસમાં દરેક યુગની એક આગવી સંપત્તિ રહી છે. જમીનને કારણે સામ્રાજ્યો ઊભાં થયાં તો કોલસાએ ઔદ્યોગિક ક્રાંતિને વેગ આપ્યો. વીસમી સદીમાં તેલને પગલે ભૌગોલિક રાજકારણ ખેલાયું અને આજે પણ તે યુદ્ધ, ગઠબંધનો અને અર્થતંત્રો પર અસર કરે છે.

પણ આજના સમયામાં સૌથી વધુ કિંમતી કહી શકાય તેવો અને જે સત્તાઓ, ટેક જાયન્ટ્સ વગેરે માટે હરીફાઈનો વિષય બન્યો છે તે છે માણસનું ધ્યાન; તે ન તો કોઈ કારખાનામાં બને છે ન તો તેને કોઈ કોઠારમાં સંગ્રહી શકાય છે. ક્રુડ ઓઈલ કે મૂડીની માફક અટેન્શન કે ધ્યાન એકઠું કરી શકાય તેમ નથી. પૃથ્વી પર દરેક માણસને સમયનો સરખો હિસ્સો જ મળે છે. આ સમય વપરાઈ જાય, ધ્યાન કોઈ બાબત પરથી હટી જાય પછી તે કાયમ માટે જતી રહેતી ચીજો છે. કદાચ આ જ તેની સૌથી મોટી કિંમત છે જે આપણે બેધ્યાન રહીએ ચૂકવીએ છીએ.

પચાસેક વર્ષ કરતાં પણ પહેલાના સમયમાં અર્થશાસ્ત્રી અને નોબેલ વિજેતા હર્બર્ટ છે. સાયમને એક અગત્યનું અવલોકન કર્યું હતું, "માહિતીની સમૃદ્ધિ અંતે તો ધ્યાનની ગરીબી સર્જે છે." તે સમયે આ વાત પુસ્તકિયું જ્ઞાન લાગી હતી. આજે આ વિધાન ડિજિટલ અર્થતંત્રનો વ્યવસાયિક નકશો લાગે છે.

જરા દુનિયાની સૌથી શક્તિશાળી ટેક્નોલૉજી કંપનીઓ તરફ નજર કરીએ. ગૂગલ માત્ર જવાબો આપતી કંપની નથી. તે માનવ જિજ્ઞાસાની દરેક ક્ષણને પકડી લે છે. મેટા માત્ર લોકોને એકબીજા સાથે જોડતી કંપની નથી. તે આપણા વર્તન, સંબંધો અને પસંદગીઓનો સતત અભ્યાસ કરે છે. સ્ટ્રીમિંગ પ્લેટફોર્મ્સ પણ માત્ર મનોરંજન પૂરું પાડતાં નથી; દર્શકોને શક્ય તેટલા લાંબા સમય સુધી પોતાની સાથે જોડી રાખવા માટે જ તેમની રચના કરવામાં આવી છે. તેમની પ્રોડક્ટ માત્ર કોઈ એપ્લિકેશન નથી, તેમની ખરી પ્રોડક્ટ છે અટેન્શન, ધ્યાન અને એ પણ આપણું ધ્યાન.




**જે ટેક્નોલૉજી આપણા સમયની બચત કરવા માટે આવી હતી, તે જ આજે આપણા સમય માટે, આપણી સાથે જ, સૌથી આક્રમક રીતે સ્પર્ધા કરી રહી છે. જે સાધનો આપણને એકબીજા સાથે જોડવા માટે બનાવવામાં આવ્યાં હતાં, તેમણે જ હવે આપણું ધ્યાન ખેંચવા માટે અસંખ્ય દાવેદારો ઊભા કરી દીધા છે**

સોશયલ મીડિયાએ જાહેરાતોના બિઝનેસને અકલ્પનીય રીતે માપી શકાય એવો બનાવી દીધો છે. દરેક ક્લિક, દરેક થોભો, દરેક શેર અને દરેક પ્રતિક્રિયા ડેટામાં ફેરવાઈ જાય છે. અલ્ગોરિધમ્સ એ શીખે છે કે વપરાશકર્તાઓને કઈ બાબતો સૌથી વધુ જકડી રાખે છે અને ત્યારબાદ તેમની સ્ક્રીન પર શું દેખાડવું તે સતત વધુ ચોક્કસ બનાવતાં રહે છે. આપણામાંથી મોટા ભાગના લોકોએ અનુભવ્યું હશે કે કોઈ વસ્તુ વિશે વિચારવાનું કે શોધવાનું શરૂ કરીએ અને થોડા સમય પછી એ સંબંધિત જાહેરાતો, વિડિયો કે સૂચનો સતત દેખાવા લાગે. આ કોઈ સંયોગ નથી. આ પાછળ ડેટા, આયોજન અને વ્યૂહરચના કામ કરતી હોય છે. ઘરમાં રહેનારા તમારી વાત નહીં સાંભળે પણ તમારો ફોન, તેનો ડેટા, સોશ્યલ મીડિયા તમારી વાત વધારે ધ્યાનથી સાંભળે છે અને તમને જે જોઈએ છે એ જ પીરસે છે. જાહેરાતની આ શૈલીને પહેલાંની પેઢી નહોતી જાણતી. આ માણસના વર્તનને પ્રભાવિત કરનારી એક સુનિયોજિત પ્રક્રિયા છે. વિશ્વની સૌથી અદ્યતન ટેક્નોલૉજી કંપનીઓ હવે ગ્રાહકો મળે તેની સ્પર્ધામાં નથી. તેમનો બિઝનેસ છે માનવ ચેતનાની મિનિટો, સેકન્ડો અને ક્ષણો માટે સ્પર્ધા કરવી. તેમનો મુખ્ય હેતુ છે યુઝર્સનું એન્ગેજમેન્ટ વધારવું, એટલે કે પોતાના પ્લેટફોર્મ પર યુઝર વધારેમાં વધારે સમય રહે, ત્યાં સંવાદ સાધે અને તેની સાથે જોડાયેલો રહે. કમનસીબે એન્ગેજમેન્ટ ઘણી વખત વિચારપૂર્વકના વિશ્લેષણ કરતાં ગુસ્સા, ભય અને જૂથવાદ દ્વારા વધુ ઝડપથી પેદા થાય છે. અલ્ગોરિધમે માનવ જૂથવાદ શોધ્યો છે એમ નથી, આપણે બધાં જ વાડાબંધી માનસિકતાના શિકાર છીએ અને અલ્ગોરિધમને એ ખબર પડી ગઈ છે કે જૂથવાદ કે વાડાબંધી નફાનો ધંધો છે. આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્સ આ આખી પ્રક્રિયાને વધુ ઘેરી બનાવવાની ક્ષમતા ધરાવે છે. હજી થોડા સમય પહેલાં અટેન્શન કે ધ્યાન માટેની સ્પર્ધા વિતરણ એટલે કે ડિસ્ટ્રીબ્યુશનની હરીફાઈ હતી, સૌથી અસરકારક મેસેજિંગ સાથે સૌથી વધુ લોકો સુધી કોણ પહોંચી શકે તેની આ રેસ હતી. AIએ આ સમીકરણો બદલી નાખ્યાં છે. હવે રમત માત્ર લોકો સુધી પહોંચવાની નથી રહી. હવે વાત એવી સામગ્રી કે કન્ટેન્ટ બનાવવાની છે જે તમારી પસંદગીઓ, તમારી લાગણીઓ અને તમારા મનમાં પહેલેથી બેઠેલા પૂર્વગ્રહોને ધ્યાનમાં રાખીને ખાસ તમારા માટે તૈયાર કરવામાં આવે. અલ્ગોરિધમ્સ પહેલેથી જ વ્યક્તિગત સમાચાર ફીડ્સ, ભલામણો અને ડિજિટલ અનુભવો તૈયાર કરી રહ્યા છે (Platform Transparency Reports, 2024-2025). જેમ જેમ આ પ્રણાલીઓ વધુ અદ્યતન બનશે, તેમ તેમ સાચી માહિતી અને માત્ર યુઝર્સને જકડી રાખવા માટે બનાવાયેલી માહિતી વચ્ચેનો ભેદ પારખવો વધુ મુશ્કેલ બનતો જશે. આ માત્ર ટેક્નોલૉજી સંબંધિત પડકાર નથી. આ આખા સમાજ સામે ઊભો થયેલો પડકાર છે.

રાજકારણ કદાચ સૌથી સ્પષ્ટ રીતે બતાવે છે કે અટેન્શન ઈકોનોમી માણસોના વર્તનને કેવી રીતે બદલી નાખે છે. પરંપરાગત મીડિયાના સમયમાં રાજકીય સંદેશાઓને સંપાદકીય ચકાસણી અને સમયની અમુક મર્યાદાઓમાંથી પસાર થવું પડતું હતું. સોશ્યલ મીડિયાએ આમાંથી મોટાભાગની મર્યાદાઓ દૂર કરી નાખી. આજે માત્ર દેખાતા રહેવું પણ એક પ્રકારની રાજકીય શક્તિ બની ગયું છે. રાજકીય નેતાઓ સારી રીતે સમજી ગયા છે કે લોકોનું ધ્યાન એટલે પ્રભાવ અને પ્રભાવ એટલે પરિણામ. અટેન્શન ઈકોનોમીના યુગમાં ઘણી વખત અસરકારક હોવા કરતાં સતત દેખાતા રહેવું વધુ મહત્વનું બની જાય છે.

આ જ દબાણ પત્રકારત્વ પર પણ જોવા મળે છે. સમાચાર સંસ્થાઓ હવે માત્ર એકબીજા સામે નહીં, પરંતુ અલ્ગોરિધમ્સ દ્વારા સતત પીરસાતી અઢળક સામગ્રી સામે પણ હરીફાઈ કરે છે. ઝડપને વાહવાહી મળે છે, ઉશ્કેરણીજનક કન્ટેન્ટ ક્લિક્સ મળે છે અને ઘણી વખત સૂક્ષ્મતા પાછળ રહી જાય છે. તેની અસર માત્ર મીડિયા કે રાજકારણ પૂરતી મર્યાદિત નથી. આપણા રોજિંદા વ્યાવસાયિક જીવનમાં પણ આ પરિવર્તન સ્પષ્ટ દેખાય છે. ડૉક્ટરો હવે કન્ટેન્ટ બનાવે છે. પ્રોફેસરો ઓનલાઈન ઓડિયન્સ ઊભી કરે છે. પત્રકારો પોતાની વ્યક્તિગત ફોલોઈંગ વિકસાવે છે. ઉદ્યોગસાહસિકો ઈન્ફ્લુએન્સર બની જાય છે. એક સમય હતો જ્યારે કોઈ વ્યક્તિની કુશળતા અને અનુભવ તેની ઓળખ નક્કી કરતાં હતા, પરંતુ હવે ઘણા ક્ષેત્રોમાં લોકો તમને કેટલા ઓળખે છે તે પણ તમારી ક્ષમતાના માપદંડનો ભાગ બની ગયું છે.

ભારતમાં આ સમગ્ર ઘટનાક્રમનાં કદ અને વ્યાપ કદાચ સૌથી વધારે છે. આજે ભારતમાં 90 કરોડથી વધુ લોકો ઈન્ટરનેટનો ઉપયોગ કરે છે (IAMAI 2025; DataReportal

## બાય ધી વે:

આપણે આપણું ધ્યાન કોને કે ક્યાં આપી રહ્યા છીએ? એ આપીને આપણે કેવા પ્રકારની દુનિયા ઊભી કરવામાં ફાળો આપી રહ્યા છીએ? આ હવે વ્યક્તિગત પ્રશ્નો નથી. આ રાજકીય, આર્થિક અને સાંસ્કૃતિક પ્રશ્નો પણ છે. કારણ કે ભવિષ્ય કદાચ માહિતી પર નિયંત્રણ ધરાવનારાઓના હાથમાં નહીં હોય પણ જે લોકો અટેન્શન પર નિયંત્રણ રાખતા હશે તેમના હાથમાં હશે. કોઈ એમ કહે કે પ્લેટફોર્મના અલ્ગોરિધમ તમને જે જોવું છે તે જ બતાવે છે, ત્યારે યાદ રાખજો કે એને એમ કરવાની ટ્રેનિંગ અપાઇ છે. એ જાણે છે કે તમને કઈ વસ્તુ સૌથી લાંબો સમય સુધી રોકી રાખે છે અને આ બંને બાબતો હંમેશાં એકસરખી હોતી નથી.

# શ્યામજી કૃષ્ણ વર્મા: લંડનથી આઝાદીની લડત

નો નોનસેન્સ
રમેશ ઓઝા

શ્યામજી કૃષ્ણવર્મા આર્યસમાજી હતા, વિદ્યાવિભૂષિત હતા, ત્રણ રિયાસતોના દીવાનપદે રહી ચુક્યા હતા, આર્થિક રીતે સંપન્ન હતા અને લંડનમાં પોતાના ખર્ચે તેમણે 'ઈન્ડિયા હાઉસ'ની સ્થાપના કરી હતી જ્યાં ભારતીય વિદ્યાર્થીઓ, રાજકીય નેતાઓ અને ક્રાંતિકારીઓ રહેતા હતા. તેઓ ભારતીય વિદ્યાર્થીઓને સ્કોલરશીપ આપતા હતા અને 'The Indian Sociologist' નામનું સામયિક કાઢતા હતા. તેમના પર હર્બર્ટ સ્પેન્સર નામના બ્રિટીશ ફિલસૂફનો ઊંડો પ્રભાવ હતો જે survival of the fittestની થિયરીમાં માનતા હતા. સાવરકર શ્યામજી કૃષ્ણવર્મા દ્વારા સ્થાપિત ઈન્ડિયા હાઉસમાં રહેતા હતા અને તેમના દ્વારા સ્પેન્સરના પ્રભાવમાં આવ્યા હતા. તો શ્યામજી કૃષ્ણવર્મા સંસ્કૃત કહેવતનો ઉલ્લેખ કરીને ઉક્ત અવતરણમાં કહે છે કે, "સામેથી કીચડમાં પગ નાખીને બગડેલા પગ ધોવા કરતાં કીચડમાં પગ જ નહીં નાખવામાં વધારે ડહાપણ છે. બીજા શબ્દોમાં કહીએ તો (આઝાદી અને અધિકારોની માંગણી કરનારાઓ પ્રત્યે) સહાનુભુતિ નહીં ધરાવતી સરકાર ધરપકડ કરે એ પહેલાં તેનાથી દૂર જતા રહેવામાં વધારે ડહાપણ છે. દસ વરસ પહેલાં મારા મિત્ર તિલક અને નાતુબંધુઓની અંગ્રેજ સરકારે ધરપકડ કરી ત્યારે જ અમે ભારત છોડીને લંડનમાં વસવાનો નિર્ણય લઈ લીધો હતો."

આ અવતરણ મેં વિનાયક દામોદર સાવરકરનાં 'સમગ્ર સાવરકર વાંગ્મય'ના પહેલા ખંડના 'શતૃચ્યા શિબિરાત' નામના પ્રકરણમાંથી લીધું છે. તેમણે લગભગ ૧૫ પાનાંમાં (પૃષ્ઠ ૩૦૮-૩૨૪) શ્યામજી કૃષ્ણવર્મા વિષે લખ્યું છે જે વાંચશો તો તમારા મનમાં પ્રશ્ન થશે કે સાવરકર શ્યામજી કૃષ્ણવર્માની સ્તુતિ કરે છે કે નિંદા. પણ એ જ તો સાવરકરની ખૂબી હતી. તેમણે પોતાના સિવાય કોઈનેય પ્રેમ કર્યો નથી.

શ્યામજી કૃષ્ણવર્માનું અવતરણ અહીં આપણી ચર્ચામાં પ્રાસંગિક છે. ભારતને આઝાદી તો મળવી જ જોઈએ, પણ એ આઝાદી માટેની લડત લડે કોણ, એનું નેતૃત્વ કરે કોણ અને કરે તો



તેની કિંમત ચૂકવે કોણ? શ્યામજી કરુણવર્માએ તો કહ્યું છે કે એ તો સામે ચાલીને કીચડમાં પગ ઘૂસાડવા જેવું છે. તો પછી ભારતને આઝાદી અપાવવા માટે કોણ સામે ચાલીને કીચડમાં પગ ઘૂસાડે? અને વળી તેમણે પોતે ક્યાં આશ્રય લીધો? ઈંગ્લેંડમાં. એ દેશ જેણે ભારતને ગુલામ બનાવ્યો અને એ દેશ જેની સામે લડીને ભારતે આઝાદી મેળવવાની હતી. એ પણ એ દેશનાં પાટનગર લંડનમાં! શા માટે? ગાંધીજીએ તેના તરફ ઈશારો કર્યો છે. અંગ્રેજો ઢોંગી અને બેવડી નીતિ અપનાવતા હતા. ઘરઆંગણે ભેદભાવ વગર સંપૂર્ણ સ્વતંત્રતા અને સંસ્થાનોમાં શોષણ, અનીતિ અને અન્યાય. ઈંગ્લેંડમાં કોઈ પણ ભારતીયને એટલી જ સ્વતંત્રતા મળતી હતી જેટલી કોઈ અંગ્રેજને, પછી ભલે એ બ્રિટીશ સરકાર વિરુદ્ધ રાજકીય પ્રવૃત્તિ કરતો હોય. નખશીખ કાયદાનું રાજ ઈંગ્લેંડમાં પ્રવર્તતું હતુ અને ભારતમાં કાયદાના રાજનો અભાવ હતો.

શ્યામજી કૃષ્ણવર્મા અને સાવરકર જેવા કેટલાક લોકો ઈંગ્લેંડમાં રહીને ત્યાં પ્રવર્તમાન નાગરિક સ્વતંત્રતા અને કાયદાના રાજનો લાભ લેતા હતા. ભારતમાં રહેવામાં જોખમ હતું, લંડનમાં કોઈ પ્રકારનું જોખમ નહોતું. મર્દાનગીનું જેટલું પ્રદર્શન થઈ શકે એટલું પ્રદર્શન કરવાની ત્યાં સ્વતંત્રતા હતી. જેમાં શ્યામજી કૃષ્ણવર્માનું અવતરણ ટાંક્યું છે એ સાવરકરે લખેલા પુસ્તકનું શીર્ષક જ જુઓ; 'શત્રુચ્યા શિબીરાત'. શત્રુની જ્યાં છાવણી હતી ત્યાં સંપૂર્ણ સુરક્ષા હતી અને જ્યાં શત્રુ શોષણ કરતો હતો અને પ્રજાને ગુલામ બનાવીને રાખતો હતો ત્યાં જોખમ હતું. વાસ્તવમાં શત્રુની છાવણી ભારત હતું, ઈંગ્લેંડ નહીં. પણ દૂર અને સુરક્ષિત જગ્યાએ રહીને શાબ્દિક શૌર્યમાં શા માટે પાછળ રહેવું!

તો પછી લડે કોણ? લડવાની કિંમત ચૂકવે કોણ? અને જો લડવું હોય તો ક્યાં રહીને લડવું અને કઈ રીતે લડવું? ઈંગ્લેંડમાં રહીને કોઈ ભારતને આઝાદી અપાવી શકે એ તો શક્ય જ નહોતું. ભારતમાં જ રહેવું જોઈએ, ભારતની પ્રજા વચ્ચે રહેવું પડે, પ્રજાનું નેતૃત્વ કરવું જોઈએ, પ્રજાની અંદર આત્મવિશ્વાસ અને આત્મગૌરવની ભાવના પેદા કરવી જોઈએ, તેને રસ્તા પર ઉતારવી જોઈએ અને લડવાની જે કોઈ કિંમત હોય એ ચૂકવવી જોઈએ. સામે ચાલીને કાદવમાં પગ ઘૂસાડવો જોઈએ. કોણ કરે આ બધું અને કેવી રીતે કરે?

**ગાંધીજીએ કહ્યું હતું કે હિંસાનો માર્ગ ભારત માટે અવ્યવહારુ છે. હિંસક ક્રાંતિ માટે ગોપનીયતા જોઈએ અને એ ભારતમાં શક્ય નથી**

૧૯૧૫માં ગાંધીજી ભારતમાં આવ્યા એ પહેલાં ચાર અભિગમ જોવા મળતા હતા. એક અભિગમ એવો હતો કે અંગ્રેજોનું રાજ ઈશ્વરીય રાજ્ય છે. માંડ ભારતની પ્રજાને સ્થિરતા અને કાયદાનું રાજ મળ્યું છે. સામાજિક અને રાજકીય રીતે વર્ચસ ધરાવનારા લોકોના માથાભારેપણાથી માંડ છૂટકારો મળ્યો છે, માટે અંગ્રેજ રાજને ઈશ્વરી રાજ સમજીને રાજી થાવ અને શાસકોને મદદ કરો. કવિ દલપતરામની 'હરખ હવે તું હિન્દુસ્તાન' કવિતા વાંચી જાવ. મહાત્મા ફૂલે અને બીજા કેટલાક આવો અભિગમ ધરાવતા હતા. બીજો અભિગમ એવો હતો કે ભારત ભલે સંસ્થાન રહે, પણ તેને કેનેડા, ઓસ્ટ્રેલિયા અને દક્ષિણ આફ્રિકામાં (માત્ર શ્વેતોને) જે રીતની સ્વતંત્રતા આપવામાં આવી છે એવી સ્વતંત્રતા ભારતને મળવી જોઈએ. અંગ્રેજીમાં તેને ડુમિનિયન સ્ટેટસ તરીકે ઓળખાવવામાં આવતું હતું. ફિરોજશાહ મહેતા અને ગોપાલકૃષ્ણ ગોખલે આ અભિગમનું નેતૃત્વ કરતા હતા. ત્રીજો અભિગમ એવો હતો કે ડુમિનિયન સ્ટેટસ પણ માગવાથી મળવાનું નથી, તેને માટે લડવું પડશે. પ્રજાને જાગૃત કરવી પડશે અને પ્રજાની વચ્ચે જવું પડશે અને પ્રજાને સાથે લઈને લડત લડવી પડશે. પ્રજાકીય આંદોલનનું નેતૃત્વ કરવા માટે કિંમત પણ ચૂકવવી પડશે. લોકમાન્ય તિલક, લાલા લાજપત રાય, બીપીનચન્દ્ર પાલ, અરવિંદ ઘોષ વગેરે આ અભિગમનું નેતૃત્વ કરતા હતા. ચોથો અભિગમ એવો હતો કે અરજીઓ કરો કે રસ્તા પર ઉતરીને શાંતિપૂર્વક લડો તેનાથી કોઈ ફરક પડવાનો નથી. અંગ્રેજોને હદપાર કર્યે જ છૂટકો અને તેને માટે સશસ્ત્ર ક્રાંતિ અનિવાર્ય છે. આ અભિગમનું નેતૃત્વ કરતા હોવાનો સાવરકરનો દાવો છે, પણ ઈંગ્લેંડમાં રહીને. શત્રુની સુરક્ષિત છાવણીમાં રહીને, શત્રુ જ્યાં ખરેખર પ્રજાની છાતી પર ચડીને રાજ કરે છે ત્યાં રહીને નહીં. આની વચ્ચે ગાંધીજી પાંચમો અભિગમ લઈને આવે છે.

આપઓળખની તાકાત. સ્વ-રાજ્યની તાકાત. પોતાની અંદર રહેલી કાળજાની તાકાતને ઓળખો. જો એ તાકાત ભારતની પ્રજા જાગૃત કરી શકશે તો દુનિયાની કોઈ પણ દુન્યવી તાકાત તેને પરાજિત નહીં કરી શકે. માત્ર તેને માટે કિંમત ચૂકવવાની તૈયારી હોવી જોઈએ. ગાંધીજીનો અભિગમ વિનીત પણ હતો અને જહાલ પણ હતો. માત્ર ક્રાંતિકારીઓની હિંસા નહોતી. ગાંધીજીએ કહ્યું હતું કે હિંસાનો માર્ગ ભારત માટે અવ્યવહારુ છે. હિંસક ક્રાંતિ માટે ગોપનીયતા જોઈએ અને એ ભારતમાં શક્ય નથી. હિંસાની છૂટપૂટ ઘટનાઓથી અંગ્રેજો ડરવાના નથી. માટે સામી છાતીએ અહિંસક માર્ગે લડવું જોઈએ.

...અનુસંધાન પાના નં. 4 પર

## સિલી પોઈંટ

ક્રાની.

